ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાનો પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
૯૯૯
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાં.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026



પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

સાપ્તાહિક શાહીન
Shaheen Gujarati WEEKLY

Vol No.: 52 • Issue No.: 02 • Date: 19-12-2024 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00

Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

# લોકશાહીના માથે લટકતી ફાસીવાદની તલવાર



તાનાશાહી કે રાજાશાહી વ્યવસ્થાઓ સરમુખત્યાર હતી, જેમાં વ્યક્તિ કે કોઈ એક વિશેષ વર્ગ સત્તા ભોગવે છે અને બીજા બધાને સહન કરવાનું આવે છે. નાગરિક કે પ્રજાને કોઈ અધિકાર હોતો નથી, ન તેની અવાજ સાંભળવામાં આવે છે, અને ન જ સત્તામાં કોઈ ભાગીદારી આપવામાં આવે છે. ન જ કોઈ નાગરિકને વિરોધ કરવાનો અધિકાર હોય છે, અને ન જ તેની પાસે અભિવ્યક્તિની સ્વતંત્રતા હોય છે. સત્તાધીશ જે ઈચ્છે તે કાનૂન બની જાય છે. શક્તિ અને સત્તાની ઈચ્છા માનવ પ્રકૃતિમાં છે. આપખુદશાહીની પીડામાંથી લોકશાહી વ્યવસ્થાએ જન્મ લીધો અને સત્તાને પ્રજાના હાથમાં અર્પણ કરી. જેનો ધ્યેય પ્રજાની મરજી મુજબનો શાસન હતો. તેમનો ખ્યાલ હતો કે વ્યક્તિ સામૂહિક રીતે પોતાની વિરુદ્ધ કાયદાઓ બનાવી શકતા નથી તેથી ધુરી જનતામાં હાથમાં હશે તો કાયદા પણ જનહિતમાં બનશે. ન્યાય, સમાનતા અને બંધુતા વગર કોઈ પણ લોકશાહી વ્યવસ્થા ફાલીફૂલી સકતી નથી. તેથી આ મૂલ્યો તેની કરોડરજ્જુ સમાન છે. આ વ્યવસ્થાની ઈમારત ત્રણ સ્તંભો ઉપર નિર્મિત કરવામાં આવી જેને ક્રમશઃ Legislature (ધારાસભા), judiciary (ન્યાયતંત્ર) અને executive (અમલદાર) તરીકે ઓળખવામાં આવે છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે જોડાયેલ હોવાથી મીડિયાને પણ ચોથું સ્તંભ માનવામાં આવે છે.

આપણા દેશની રાજકીય વ્યવસ્થા લોકશાહી છે. અને લોકશાહી વ્યવસ્થામાં સૌથી મહત્ત્વપૂર્ણ સ્ટેક હોલ્ડર નાગરિક છે. બલ્કે પ્રજા જ વાસ્તવમાં માલિક હોય છે, અને બીજા બધા પ્રતિનિધિઓ કે જાહેર સેવાઓના અમલદારો નાગરિકોના સેવક હોય છે. કોઈ પણ લોકશાહીમાં જનતાને જ કાનૂન બનાવવાનો અધિકાર છે. દરેક વ્યક્તિ સીધું જ કાનૂન બનાવવાની પ્રક્રિયામાં ભાગ ન લઈ શકે, તેથી લોકશાહી વ્યવસ્થાને સરળ અને સુવાળી રીતે ચલાવવા માટે ચૂંટણી દ્વારા પોતાના પ્રતિનિધિ ચૂંટી ધારાસભામાં મોકલવાની પદ્ધતિ બનાવવામાં આવી, જેમાં આ પ્રતિનિધિઓને ૫ વર્ષનો અવસર આપવામાં આવે છે કે જેથી પોતાની સુંદર કામગીરીથી નાગરિકોની સેવા કરી શકે.

પરંતુ જ્યારે લોકલાગણીનો ઉપયોગ સત્તા ગ્રહણ કરવા માટે અને સત્તાનો ઉપયોગ વધુ શક્તિ એકત્રિત કરવા માટે થવા લાગે તો પછી populism (લોકવાદ), મોબોક્રેસી કે ટોળાશાહી જેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે જે ફાસીવાદમાં પરિણામે છે. ફાસીવાદને મજબૂત કરવા માટે કોઈ એક સમુદાયને શત્રુ તરીકે ચીતરવામાં આવે છે. સત્તાનું કેંદ્રીયકરણ થવા લાગે છે અને અમલદારશાહીમાં પોતાના પસંદના લોકોને બેસાડવામાં આવે છે, જેઓ વિરોધીઓને કચડવાનું કાર્ય કરે છે. ન્યાયાલયમાં ન્યાય પક્ષપાતી થઈ જાય છે અને મીડિયા લોકમાનસને હાઈજેક કરવાનું કાર્ય કરે છે.

આપણા દેશમાં કોઈ ધર્મ ખતરામાં હોય કે ન હોય પરંતુ લોકશાહી ચોક્કસપણે ખતરામાં છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના રૂપમાં ઘાતક ફાસીવાદ વિકાસ પામી રહ્યો છે. ફાસીવાદની 'ખૂબી' આ છે કે તે નાગરિકોને રાષ્ટ્રવાદના નામે આંધળો બનાવી દે છે, કથિત શત્રુઓને એવી રીતે ચીતરવામાં આવે છે કે તેમના પ્રત્યે સંવેદનાઓ મરી પરવરે છે. તેમને પીડા આપવામાં કે પીડામાં જોઈને દાનવી આનંદ મેળવે છે. દેશની મૂળ સમસ્યાઓ પડદા પાછળ જતી રહે છે અને સત્તાધીશો પોતાની સત્તા બચાવી રાખવા અવનવા ષડ્યંત્રો કરતા રહે છે.

(અનુસંધાન બીજા પાને)

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેકટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિક્વન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોન: ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૫૫૯૫૫૧૩
પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી, અહમદાબાદ

# સહૂલત માઇક્રોફાઇનાન્સને વર્ષનો શ્રેષ્ઠ ઇસ્લામિક માઇક્રોફાઇનાન્સ એન્ટિટીનો એવોર્ડ મળ્યો




નવી દિલ્હી: સહૂલત માઈક્રો-ફાઈનાન્સ સોસાયટીને ઈસ્લામિક ફાઈનાન્સ ફોરમ ફોર સાઉથ એશિયા (IFFSA) દ્વારા આયોજિત એવોર્ડ સમારોહમાં 'બેસ્ટ ઈસ્લામિક માઈક્રોફાઈનાન્સ એન્ટિટી ઓફ ધ યર ૨૦૨૩-૨૪'ના પ્રતિષ્ઠિત ખિતાબથી સન્માનિત કરવામાં આવી છે. આ સન્માન ભારતમાં ઓછી આવક ધરાવતા વર્ગોના જીવનને સુધારવામાં 'સહૂલત'ના પરિવર્તનકારી યોગદાનને પૃષ્ટિ આપે છે.

આ એવોર્ડ સમારોહ ૨૫-૨૬ નવેમ્બર દરમિયાન કોલંબોમાં IFFSA દ્વારા આયોજિત દક્ષિણ એશિયામાં વ્યાજમુક્ત નાણાકીય સંસાધનો પરના મોટા કાર્યક્રમનો એક ભાગ હતો. આ કાર્યક્રમમાં ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, માલદીવ્સ, મલેશિયા અને દક્ષિણ આફ્રિકા સહિત વિવિધ દેશોની સંસ્થાઓ અને વિદ્વાનો એકઠા થયા હતા, જેથી તેઓ ઈસ્લામિક નાણાકીય ક્ષેત્રના વિકાસ અને ટકાઉપણા વિશે ચર્ચા કરી શકે.

પુરસ્કાર પ્રાપ્ત કર્યા બાદ, 'સહૂલત'ના CEO, ઉસામાખાને IFFSA ટીમનો આભાર માન્યો કે જેમણે ઈસ્લામિક ફાઈનાન્સ ક્ષેત્રમાં સહયોગ વધારવાની દિશામાં ઉત્તમ કામ કર્યું છે. તેમણે 'સહૂલત'ની સહકારી મંડળીઓ, નિર્દેશકો, સ્ટાફ, માર્ગદર્શકો અને સંલગ્ન સંસ્થાઓને પણ અભિનંદન પાઠવ્યા. ઉસામા ખાને જાતિ, ધર્મ કે લિંગને ધ્યાનમાં લીધા વગર, વ્યાજમુક્ત માઈક્રોફાઈનાન્સના વિકાસ અને ભારતના આર્થિક રીતે નબળા વર્ગના લોકોના જીવનધોરણમાં સુધારો કરવા માટે તેમના અથાક પ્રયત્નો બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. 'સહૂલત' એક એવી સંસ્થા છે જે આખા ભારતમાં વ્યાજમુક્ત ધિરાણ સહકારી મંડળીઓને મજબૂત બનાવવાનું કામ કરે છે. આ સંસ્થા આ મંડળીઓની સ્થાપના કરવામાં, તેમની કામ કરવાની ક્ષમતા વધારવામાં, સંશોધન કરવામાં અને વ્યાજમુક્ત નાના કારોબારો માટે સરકારી નિયમોને સરળ બનાવવામાં મદદ કરે છે.

આજની તારીખે, 'સહૂલત'ના માર્ગદર્શન હેઠળ ૬૩ સહકારી મંડળીઓ કામ કરી રહી છે. આ મંડળીઓની ૧૧૭ શાખાઓ બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, દિલ્હી, ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, કેરળ અને તમિલનાડુ જેવા ૧૩ રાજ્યોમાં ફેલાયેલી છે. આ શાખાઓ દ્વારા ૩,૫૦,૦૦૦ કરતાં વધુ ઓછી આવક ધરાવતા પરિવારોને નાણાકીય સહાય મળી રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં, આ મંડળીઓએ લગભગ રૂા. ૧,૪૬૦ કરોડની જનતાની થાપણો એકત્રિત કરી છે.

'સહૂલત'-સંલગ્ન સહકારી મંડળો સભ્યો પાસેથી એકત્રિત થયેલી થાપણોનો ઉપયોગ મુખ્યત્વે બે હેતુઓ માટે કરે છે. એક તો, જ્યારે સભ્યોને રોકડની જરૂર હોય ત્યારે તેમને તરત જ ઉપાડવા માટે રકમ ઉપલબ્ધ રાખવામાં આવે છે. બીજું, આ રકમનો ઉપયોગ વ્યાજમુક્ત લોન અથવા ધિરાણ આપવા માટે પણ કરવામાં આવે છે. આ લોન સભ્યોના વ્યક્તિગત ઉપયોગ કે પછી તેમના નાના વ્યવસાયોને વધારવા માટે ઉપયોગી થાય છે.

(અનુ. પાન ૨ ઉપર)

શાહીન સાપ્તાહિક
Shaheen Gujarati WEEKLY
/shaheenweekly.info

## તંત્રી સ્થાનેથી...

# કેવું હશે સીરીયાનું ભવિષ્ય?

સીરિયા ફરી ગૃહયુદ્ધનો શિકાર બન્યો છે. બશર અલ અસદ દેશ છોડી ચાલ્યા ગયા છે. યક્ષ પ્રશ્ન છે કે સીરીયાની ધુરા કોણ સંભાળશે? છેલ્લા ૫૩ વર્ષોના અસદ શાસનના અંત પછી વિદ્રોહી કઈ રીતે સીરીયામાં શાંતિ અને સલામતી લાવશે???

સીરીયામાં બશરને ઈરાન દ્વારા સમર્થન આપવાથી લઈને તેના ખાતમાં સુધી સીરીયાનું સમગ્ર પ્રકરણ રસપ્રદ અને પેચીદો છે. સીરીયાનો ભૂગોળ બે ભાગોમાં વહેંચાયેલો છે. તેની પશ્ચિમમાં આવેલું લગભગ ૪૦ ટકા જેટલો ભાગ સીરીયન ડેમોક્રેટિક ફોર્સ (SDF) દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે, જે કુરદીશ સમુદાયથી સંબંધ ધરાવે છે. બાકીના ૬૦ ટકા હિસ્સામાં અસદનું નિયંત્રણ હતું. અસદના નિયંત્રણ હેઠળની વસ્તીમાં ૮૦%થી વધુ સુન્ની સમુદાયના લોકો વસે છે જ્યારે બશર શિયા અલવી સમુદાયથી સંબંધ ધરાવે છે જે સીરિયામાં લઘુમતીમાં છે. દુનિયામાં આ અનોખું દેશ છે જ્યાં લઘુમતી બહુમતી પર શાસન કરતી હતી.

**ફાયદા અને નુકશાન પર એક નજરઃ**

તુર્કી અને સઉદી અરેબિયા વિદ્રોહી સમૂહ હયાત તેહરિક અશશામ (HTS) જે બળવાખોરોમાં સર્વોપરી છે તેને તુર્કી અને સઉદીનું સમર્થન છે. તુર્કી તેને હથિયાર, તાલીમ અને સૂચનો એટલા માટે આપી રહ્યું છે કારણ કે તેની દક્ષિણે આવેલી SDF નિયંત્રિત (કુરદીશ સમુદાય)ની સરહદથી આવતા ૩૦ લાખ શરણાર્થીઓ માટે તેને એક બફર ઝોનની રચના કરવી છે કે જેથી ૩૦ લાખ શરણાર્થીઓને સેલટર આપવાથી બચી જાય અને તુર્કીની ડગમગી રહેલી આર્થિક વ્યવસ્થા પર વધુ બોજો ના આવી જાય અને કુરદીશ સમુદાય નિયંત્રિત જગ્યા પર HTSને ઊભું કરી શકાય કે જેથી SDF સાથેની અથડામણ થાય તો HTSને સામે કરી શકાય. બીજી તરફ અસદનો (શિયા) ઈરાનનું સમર્થન હોઈ સઉદી અરેબીયા શિયા હોલ્ડ હાઈલેંડ (ઈરાન+ઈરાક+સિરિયા+લેબેનોન)ને બનતા અટકાવી શકાય તે હેતુ સાથે સઉદી તુર્કીને સમર્થન કરી રહ્યું છે. આમ તુર્કી અને સઉદી અસદના ખાત્મા સાથે ફાયદો થવાની લાગણી અનુભવી રહ્યા છે.

**ઈરાન અને રશિયાઃ-** ઈઝરાયલના ગાઝા પર એક વર્ષથી ઉપરાંતના હુમલાઓમાં જે સમર્થન ઈરાન દ્વારા ગાઝા અને લેબોનોનને હિઝબૂલ્લાહ મારફતે કરવામાં આવી રહ્યો હતો તેના કારણે ઈરાનની આર્થિક પરિસ્થિતિ કફોડી છે. બંને તરફ યુદ્ધમાં સમર્થનના કારણે તેની આર્થિક પરિસ્થિતિ મુશ્કેલીમાં છે. સીરીયામાં અસદને ઈરાનનું સમર્થન એટલા માટે નહોતું કે અસદ શિયા અલવી પંથથી સંબંધ ધરાવે છે બલ્કે ઈરાન તેના પાડોશી ઈરાક (જ્યાં શિયા બહુમતી વસ્તી છે) તેના થકી સીરીયામાં થઈ લેબનોન અને ગાઝા સુધી પહોંચતું હતું અને હથિયારો, તાલીમ અને ત્યાંના લોકોને સમર્થન પૂરું પાડતું હતું. ઈરાન માટે સીરીયાનું એટલે કે બશરનું સમર્થન લેબોનોન અને ગાઝા સુધી પહોંચવા માટેની એક કડી હતી. સીરીયામાં ઈરાનના લગભગ ૫૫ મિલિટરી બેઝ થકી તે હિઝબુલ્લાહ સુધી અને ગાઝા સુધી પહોંચતું હતું. સીરીયામાં ગૃહયુદ્ધ ફાટી નીકળવાના કારણે ઈરાન બશરને બચાવવા કોઈ પણ પ્રકારની મદદે આવી શકે તેમ નહોતું તેથી તેણે આ યુદ્ધમાં કોઈ રસ દાખવ્યો નહીં અને તેના મિલેટ્રી બેઝોમાંથી તમામ અધિકારીઓને તેને બોલાવી દીધા ઈરાનનું સ્પષ્ટ સંકેત છે કે તે હવે ત્યાં સીરીયામાં એક નવી જંગ કે નવો ફ્રન્ટ ખોલી શકતો નથી. બીજી રશિયાએ બશરનું સમર્થન એટલા માટે કર્યું હતું કારણ કે રશિયાનું સીરીયામાં એક નવલ બેઝ હતો જેના થકી તેણે મધ્યપૂર્વ માં પોતાનું અસ્તિત્વને ટકાવી રાખ્યું હતું. તે પણ છેલ્લા બે વર્ષોથી યુક્રેન સાથે યુદ્ધમાં વ્યસ્ત હોવાના કારણે બશર અલ અસદ સરકારને બચાવવા તેણે કોઈ રસ દાખવ્યો નહીં તેથી રશિયા અને ઈરાન માટે સીરીયા મહત્વનું હોવા છતાં તે બંને અસદ સરકારને બચાવી શકવાની પરિસ્થિતિમાં નહોતા. તેથી વિદ્રોહીઓએ માત્ર સાત દિવસમાં સમગ્ર અસદ નિયંત્રિત જગ્યાને કબ્જે કરી લીધી. આમ ઈરાન અને રશિયા માટે અસદની સરકારનો ખાત્મો થવો એક મોટું નુકસાન છે.

**ઈઝરાયલ અને અમેરિકા :** વિદ્રોહીઓ દ્વારા સીરીયામાં જેમ વિદ્રોહ કરવાનું શરૂ કરવામાં આવ્યું તેની સાથે જ ઈઝરાયલે તકનો લાભ લઈ યાની જે સરહદ તેને સ્પર્શ કરતી હતી તેને કબજે કરવાનું શરૂ કરી દીધું. તેણે જોત જોતામાં સેરીયાનો ખાસો હિસ્સો પચાવી પાડ્યો અને તેના ઉપર પોતાનો ઝંડો ફરકાવી દીધો તેણે સીરીયા મિલેટ્રી બેઝ પર હુમલો કરી લગભગ ૮૫ ટકા જેટલા જંગી સંસાધનોનો નાશ કરી નાખ્યું તેણે ઈરાન દ્વારા જે બેઝનો ઉપયોગ કરવામાં આવતુ હતું તેનું સંપૂર્ણ પણે નાશ કરી દીધો. ઈઝરાયલ માટે આ એક મોટી સફળતા છે કે તેણે ઈરાનનો હિઝબુલ્લા અને ગાઝાનો સંપર્ક તોડી નાખ્યો. બીજી તરફ ઈરાનના મધ્યપૂર્વમાં વધતા પ્રભાવના કારણે અમેરિકા માટે ઈરાનને નુકસાન પહોંચાડવું ખૂબ જરૂરી હતું તેથી તેને પણ વિદ્રોહની ઘટનામાં મોકો હાથ આવી ગયો તેણે ઈઝરાયેલના સમર્થનથી ત્યાં પગ પસારો કરવાનું શરૂ કર્યું છે. તેથી ઈઝરાયેલ અને અમેરિકા માટે સીરીયામાં અસદનો ખાતમો ખૂબ મોટી સફળતા તરીકે આલેખમાં આવી રહ્યું છે.

સીરીયાનો ભૂગોળ એક મહત્ત્વપૂર્ણ ભૂગોળ છે જે તેને તેના આડોશી પાડોશીઓના લડાઈ ઝઘડાના કારણે મહત્વનું બનાવે છે. વિદ્રોહી દ્વારા અસદનો ખાતમો થઈ ગયા પછી હવે આ સમગ્ર પ્રદેશમાં કઈ રીતે શાંતિની સ્થાપના થશે તે જોવાનું રહ્યું. HTS (હયાત તહેરીક અશશામ) ભલે સીરીયાના મોટાભાગના શહેરો કબજે કરવામાં સફળ થઈ ગયું હોય પણ તે એક માત્ર સમૂહ નથી જેણે અસદ સામે હથિયારો ઉગામ્યા હોય HTS જેવા લગભગ ૪૦ થી ૫૦ નાના મોટા સમૂહ છે જે વિદ્રોહમાં HTSના સહભાગી હતા તેઓ તુર્કી અને સાઉદી અરેબિયાના સમર્થનથી કયા પ્રકારના શાસનને અમલમાં મૂકે છે તે જોવાનું રહ્યું અને પાડોશી ઈઝરાયેલ અને જગત જમાદાર અમેરિકા સાથે તેઓ કઈ રીતે સંબંધ વિકસાવે છે તે સીરીયાનો ભાવિ નક્કી કરશે. અસદના પલાયન પછી HTS નેતા અલજુલાનીએ ઈરાન સાથે શાંતિ મંત્રણા અને શાસન કરવા માટે વાર્તાલાપ કરવા આમંત્રણ આપ્યું છે જે ખૂબ જ નવાઈ પમાડે તેવું છે. છતાં મધ્યપૂર્વનું રાજકારણ ખૂબ જ પેચીદુ હોઈ સમય નક્કી કરશે કે ત્યાં કયા પ્રકારની સરકાર અસ્તિત્વમાં આવે છે. સીરીયામાં શાંતિ સ્થપાય તે ત્યાંના લોકો માટે ખૂબ જ જરૂરી છે. ૧૯૭૦થી સીરીયા દમનનો સામનો કરી રહ્યુ છે અને ત્યાંની જનતા સતત દુઃખ અને અત્યાચારનો ભોગ બની રહી છે. તેથી સીરીયામાં સ્થિર અને સ્વતંત્ર સરકાર બને તે તેના ભવિષ્ય માટે અનિવાર્ય છે.

(મુહમ્મદ કલીમ અન્સારી)

## સહૂલત માઈક્રોફાઈનાન્સ...

(પહેલા પાનાનું ચાલુ)

આ પ્રકારના નાણાકીય મોડલમાં મુખ્યત્વે ત્રણ પ્રકારની લોન આપવામાં આવે છેઃ

- **ડિમાન્ડ લોનઃ** આ લોનમાં સભ્યને જ્યારે જરૂર હોય ત્યારે રકમ ઉપાડી શકાય છે. આ માટે સામાન્ય રીતે માત્ર સર્વિસ ચાર્જ જ લેવામાં આવે છે.
- **મુરાબહાઃ** આ એક પ્રકારની ખરીદ-વેચાણની વ્યવસ્થા છે જેમાં મંડળ સભ્યની તરફથી કોઈ વસ્તુ ખરીદે છે અને તેને સભ્યને નફા સાથે વેચે છે.
- **વર્કિંગ કેપિટલ ફાઈનાન્સઃ** નાના વ્યવસાય કરતા સભ્યોને તેમના વ્યવસાયને ચાલુ રાખવા માટે આ પ્રકારની લોન આપવામાં આવે છે. આમાં નફા-નુકસાન વહેંચણીનો કરાર થાય છે.

છેલ્લા ૧૩ વર્ષોમાં, ડિમાન્ડ લોન અને મુરાબહા જેવા મોડલો સહકારી પ્રવૃત્તિઓમાં પ્રબળ બન્યા છે. આ સહકારી પ્રવૃત્તિઓએ ૨૦૨૩-૨૪માં વપરાશ અને આજીવિકાના વિકાસ માટે રૂા. ૬૨૫ કરોડનું વિતરણ કરીને નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

આ સમયગાળામાં, સહુલત જેવી સંસ્થાઓએ ભારતમાં વ્યાજમુક્ત ધિરાણ માટે એક મજબૂત પાયો નાખ્યો છે. આનાથી સ્પષ્ટ થાય છે કેઃ

- હાલના સહકારી કાયદાઓ અંતર્ગત વ્યાજમુક્ત નાણાકીય પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે કાયદેસર છે.
- વ્યાજમુક્ત જમા ભંડોળને મોટા પાયે એકત્રિત કરવું શક્ય છે.
- વ્યાજમુક્ત ધિરાણ કરતી સંસ્થાઓ તમામ નિયમોનું પાલન કરવાની સાથે સાથે ટકાઉ પણ રહી શકે છે.

મોઃ ૮૮૬૬૮ ૨૩૨૩૨
વર્ષો જૂની પ્રખ્યાત
ઈકબાલ હોટલ
iQbal's
PROUD TO SERVE
SINCE 1947
વેજ - નોનવેજ
મોગલાઈ - મિઠાઈ
પીઝા -સેન્ડવીજ
એ.સી. હોલની સુવિધા ઉપલબ્ધ
રૂા.૩૫૦ના બિલ ઉપર ૨, કિ.મી. વિસ્તારમાં હોમ ડિલીવરી
ઓનલાઈન ઓર્ડર માટે 'સ્વીગી' અને 'ઝોમેટો' ઉપલબ્ધ
પાંચપીપળી, જમાલપુર, અહમદઆબાદ

### વાચકો જોગ સૂચના

જે વાચક મિત્રોનું શાહીન સાપ્તાહિકનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેમને નમ્ર વિનંતી છે કે તેઓ નીચેના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી લવાજમ મોકલી આપે.

બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી કોર્નર, ૧૩૨, ફૂટ રીંગ રોડ, જુહાપુરા, અહમદઆબાદ-૫૫.
ફોનઃ ૬૩૫૬૧૬૨૭૬૮

## લોકશાહીના માથે...

(પહેલા પાનાનું ચાલુ)

પરંતુ આ માનસિકતા માત્ર લોકશાહી વ્યવસ્થાનો જ ચીરહરણ નથી કરતી બલ્કે સમગ્ર નાગરિકો માટે નુકસાનકારક સાબિત થાય છે. અને દેશ વિવિધ સમસ્યાઓમાં સપડાઈ નાશ પામે છે. તેથી આપણી જવાબદારી છે કે જેઓ લોકશાહી વ્યવસ્થાના કીમતી મુલ્યોને જાળવી રાખવા જાગૃતિ લાવીએ. આપણે નરી આંખે જોઈ રહ્યા છીએ કે નફરત ભર્યા નિવેદનો આપી લોકો હીરો બની રહ્યા છે. અને તેમાં કોઈ બાકાત નથી કલાર્કથી લઈને રાજનેતા સુધી અને અમલદારથી લઈને ન્યાયાધીશ સુધી લોકો વચ્ચે એક હરીફાઈ લાગી છે. આ લોકોને પોતાના પદનો ભાન છે, ન જ તેની ગરિમાનો અહસાસ. દેશના સાચા હિતેચ્છુઓ તેઓ જ છે જેઓ જનકલ્યાણના કાર્યોમાં વ્યસ્ત છે, પ્રેમ અને ભાઈચારાને મજબુત કરવા કટીબદ્ધ તથા અભિવ્યક્તિની સ્વતંત્રતા, ન્યાય અને સમાનતા જેવા લોકશાહી મુલ્યોને સાચવવા સક્રિય છે. સ્વતંત્ર સોશ્યલ મીડિયા હેન્ડલસ ને વધુ મઝબુત કરવા પડશે. અને પારસ્પરિક સંવાદના પ્લેટફોર્મ વધુ પ્રમાણમાં ઊભા કરવા પડશે. વિષેલા સર્પને છેડવાથી તે વધારે ઘાતક બની જાય છે. તેથી તેને પાંજરે કરવા મદારીની જેમ શાણપણ કેળવવું પડશે.

ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386
HMG
હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ
લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલેમાઇન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર
હેડ ઓઃ 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210
બ્રાન્ચ ઓઃ 86, વૃદાંવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત
નોંધઃ વધુ જાણકારી માટે વેબસાઈટ જુઓ.
E-mail : info@ilyashamdubhai.com • Website : www.ilyashamdubhai.com




અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## સંયમી લોકો માટે માર્ગદર્શન

**જો તમે મુસાફરીમાં હોવ અને દસ્તાવેજ લખવા માટે કોઈ લખનાર ન મળે, તો (વસ્તુ ગીરો રાખી વ્યવહાર કરો. જો તમારામાંથી કોઈ વ્યક્તિ બીજા ઉપર ભરોસો રાખીને તેની સાથે કોઈ વ્યવહાર કરે, તો જેની ઉપર ભરોસો કરવામાં આવ્યો છે, તેને જોઈએ કે તે અમાનત અદા કરી દે અને પોતાના પાલનહાર અલ્લાહથી ડરે અને સાક્ષી કદાપિ ન છુપાવો. જે સાક્ષી છુપાવે છે, તેનું હૃદય ગુનાહથી લથબથ છે અને અલ્લાહ તમારા કાર્યોથી અજાણ નથી. (સૂરઃ બકરહ, આયત-૨૮૩)**

**આયતનો અર્થ અને સંદર્ભ**

આ આયત એ પહેલાંની આયતથી જોડાયેલ છે, જેમાં ઉધાર લેવડ-દેવડ માટે દસ્તાવેજ તૈયાર કરવાની રીત બતાવવામાં આવી હતી. અહીં એ સ્થિતિનું વર્ણન છે, જ્યારે કોઈ દસ્તાવેજ લખનાર ઉપલબ્ધ ન હોય, ખાસ કરીને મુસાફરી દરમ્યાન જો કે મોટાભાગના મુફસ્સિરો (વિવરણકર્તાઓ) મુજબ આ આદેશ એ દરેક સ્થિતિ માટે લાગુ થાય છે, જ્યાં કરજથી સંબંધિત દસ્તાવેજ તૈયાર કરવાનું શક્ય ન હોય.

કુર્આનમાં બતાવવામાં આવ્યું છે કે આવી સ્થિતિમાં ગીરોની પદ્ધતિ અપનાવવામાં આવે. આ કરજ ચૂકવવાની ગેરન્ટીનું એક માધ્યમ છે.

**ગીરો મૂકવાની રીત**

- ગીરો બિલ-કબ્જાનો અર્થ છે કે કરજ લેનાર પોતાની કોઈ વસ્તુ ગીરો મૂકે.
- જો કરજ સમયસર ચૂકવવામાં ન આવે તો ગીરો મૂકેલી વસ્તુ વેચીને કરજ ચૂકવી શકાય છે.
- જો વેચાણથી મળનારી રકમ કરજથી વધુ હોય તો વધારાની રકમ કરજ લેનારને પાછી આપી દેવામાં આવશે.
- ગીરો મૂકેલી વસ્તુ અમાનતરૂપે માનવામાં આવે છે. આનો ઉપયોગ કરવો, જેમકે ઘરમાં રહેવું અથવા (બીજાને ભાડેથી આપી) તેનું ભાડું લેવું એ વ્યાજના વર્તુળ-વ્યાખ્યામાં આવશે.
- આમાં એકમાત્ર અપવાદ આ છે કે જો કોઈ જાનવર ગીરો રાખવામાં આવે તો તેના દૂધનો ઉપયોગ કરવો અથવા તેના પર સવારી કરવી માત્ર એ ખર્ચના બદલે જાઇઝ છે કે જે તેની દેખભાળ પર કરવામાં આવી રહ્યો હોય.

**કરજ આપનાર અને લેનારની જવાબદારી**

**૧. કરજ લેનારની જવાબદારીઃ**

- સમયસર કરજ ચૂકવવો.

**૨. કરજ આપનારની જવાબદારીઃ**

- ગીરવે રાખવામાં આવેલ વસ્તુને સુરક્ષિત રાખવી.
- કરજ ચૂકવ્યા બાદ ગીરો મૂકેલ વસ્તુને પાછી આપવી.

**સાક્ષીને છુપાવવાની મનાઈ**

- પહેલાંની આયતમાં સાક્ષી આપવાની વાત કહેવામાં આવી હતી, અને આ આયતમાં સાક્ષી છુપાવવાથી મનાઈ કરવામાં આવી છે.
- સાક્ષી છુપાવનારને કુર્આનમાં ગુનેગાર હૃદયવાળી વ્યક્તિ કહેવામાં આવી છે, જે અલ્લાહના ક્રોધને વ્યક્ત કરનારી એક સખત વાત છે.

**નિષ્કર્ષ**

આ આયત માનવીને ભરોસા અને જવાબદારીની સાથે લેવડ-દેવડ કરવા અને સાક્ષીને ઈમાનદારીથી નિભાવવાની તાકીદ કરે છે. અલ્લાહ દરેક વ્યક્તિના કાર્યોથી પૂરી રીતે વાકેફ છે, આથી મનુષ્યે હંમેશાં સાચી અને ન્યાયપૂર્ણ રીતે અમલ કરવો જોઈએ.




## ખૌફ અને આશા

(૫) અનુવાદઃ

**હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે. તેઓ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફરમાવ્યું : અલ્લાહ તબારક-વ-તઆલા કયામતના દિવસે ફરમાવશે કે એ લોકો ક્યાં છે કે જેઓ પરસ્પર-એકબીજાથી મારી મહાનતા તથા બુઝુર્ગીના લીધે પ્રેમ ધરાવતા હતા. આજે હું તેમને પોતાના છાંયડામાં રાખીશ. આજના દિવસે મારા છાંયડા સિવાય કોઈ છાંયડો નથી."**[૬] (મુસ્લિમ)

**સમજૂતીઃ**

[૬] આ હદીસથી જણાયું કે ઈમાનવાળાઓએ પરસ્પર પ્રેમનો સંબંધ સુમેળભર્યો રાખવો જોઈએ. તેમને ઈમાનવાળા એટલા માટે કહેવામાં આવ્યા છે કે તેઓ અલ્લાહની મહાનતાને ઓળખે છે. તેઓ જાણે છે કે જો તેઓ અલ્લાહના હક્કોને અવગણે છે તો અલ્લાહની મહાનતા અને તેનો જલાલ (ક્રોધ, શક્તિ) તેમનાથી વેર લઈને રહેશે. આ અલ્લાહનો હક્ક છે કે બંદો તેનાથી પ્રેમ રાખે, અને એ લોકોથી પણ પ્રેમ કરે કે જેમનો અલ્લાહ સાથે પ્રેમનો સંબંધ છે. અલ્લાહની મહાનતાનો અહેસાસ ઈમાનવાળાને દરેક પ્રકારના હક્કના ઉલ્લંઘનથી બચાવે છે. ઈમાનવાળા પરસ્પર પ્રેમના સંબંધથી જોડાયેલા હોય છે. અલ્લાહની મહાનતા અને બુઝુર્ગીનો સંયુક્ત અહેસાસ ઈમાનને એક માત્ર અસ્તિત્વના રૂપમાં બદલી-રૂપાંતરિત કરી નાખે છે. તેઓ એકબીજાને ગૈર (પારકા) નથી સમજતા. અલ્લાહની મહાનતાનો અહેસાસ તથા સભાનતા બીજા તમામ અહેસાસો ઉપર છવાઈ જાય છે. તેમનામાં એવી એકાત્મતા પેદા થઈ જાય છે કે જેનું ઉદાહરણ સમગ્ર દુનિયા આપવામાં અસમર્થ છે. તેમની એકાત્મતા અને તેમના ઐક્યને કોઈ પણ વસ્તુ જખ્મી નથી કરી શકતી. વાસ્તવમાં તેઓ પોતાનું દુન્યવી જીવન પણ અલ્લાહના છાંયડામાં જ વિતાવે છે. જ્યારે કે અલ્લાહને નહીં ઓળખનારાઓનું જીવન માત્ર ભૌતિક લાભની તલપ અને થોડાક સમયના એશ-આરામના સહારે વીતે છે. આ વાસ્તવિકતા આજે નહીં તો કાલે પ્રમાણિત થઈને રહેશે, આથી ફરમાવવામાં આવ્યું કે અલ્લાહ કયામતના દિવસે એ લોકોને કે જેઓ પરસ્પર અલ્લાહની મહાનતા અને બુઝુર્ગીના લીધે પ્રેમના સંબંધમાં જોડાયેલા હતા તેમને પોતાના છાંયડામાં સ્થાન આપશે. એ દિવસે એ છાંયડા સિવાય બીજો કોઈ છાંયડો નહીં હોય. જૂઠી સલામતીઓ અને શરણ-સ્થળો એ દિવસે બાકી નહીં રહી શકે. જૂઠા સહારા તૂટી ચૂક્યા હશે.

(૬) અનુવાદઃ

**હઝરત અનસ બિન માલિક રદિ.થી રિવાયત છે. તેઓ કહે છે કે મેં નબી ﷺના સહાબા રદિ.ને ક્યારેક એટલા ખુશ થતા નથી જોયા કે જેટલા તેઓ આના પર ખુશ થયા. એક માણસે કહ્યું : હે અલ્લાહના રસૂલ ﷺ એક વ્યક્તિ એક માણસથી તેના નેક અમલના કારણે પ્રેમ કરે છે, જો કે એ પોતે તેના જેવો (નેક) અમલ નથી કરતી. આપ ﷺએ ફરમાવ્યું માણસ તેની જ સાથે હશે જેનાથી એ પ્રેમ કરે છે."**[૭] (અબૂ દાઊદ)

**સમજૂતીઃ**

[૭] જીવનના મૂળ મૂલ્યોમાંથી દરેક મૂલ્યને એટલી સર્વગ્રાહ્ય અને વિસ્તૃત હકીકતની હેસિયત પ્રાપ્ત છે કે તેને દીનનું શીર્ષક ઠેરવી શકાય છે અને તેના દ્વારા દીનની તા'બીર (ફળ, વ્યાખ્યા) કરી શકાય છે આના સિવાય વિચારના સર્વોચ્ચ સ્તરે તમામ જીવન-મૂલ્યો પરસ્પર દૂધ અને ખાંડની જેમ ભળીને એવી રીતે એક થઈ જાય છે કે તેમનામાં કોઈ ફરક બાકી નથી રહેતો.

પ્રેમ જીવનનું એક મહત્ત્વનું મૂલ્ય (Value) અને એક મહત્ત્વની ભાવના છે. દીને આને એક બુન્યાદી મહત્ત્વ આપ્યું છે. ઈસ્લામ વિષે જે લોકો ગેરસમજોના ભોગ બનેલા છે અથવા તો જે કોઈ પણ કારણે દુશ્મનીનું વલણ અપનાવી રાખેલ છે તેઓ કહે છે કે ઈસ્લામ એક કડક (ઉગ્ર, કટ્ટર) ધર્મ છે.

(અનુસંધાન 5મા પાને)

"જ્ઞાન સભા"

## શું મુસાફરીની હાલતમાં જુમ્આની નમાઝ અને અસ્રની નમાઝ અદા ન કરી શકાય ?

"જ્ઞાન સભા"

ડૉ.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : મારે જમાઅત સાથે નમાઝ પઢવા સંબંધે એક પ્રશ્ન (મસ્અલો) પૂછવો છે. મારા પતિ ક્યારેક ક્યારેક મસ્જિદ જવાના બદલે ઘરે જ મારી સાથે જમાઅતથી નમાઝ અદા કરી લે છે. ખાસ કરીને ફજ્રની નમાઝમાં. આનું કારણ મારી સુસ્તી હોય છે, જેથી હું પણ ફજ્રની નમાઝ સમયસર પઢી શકું અને સવારે વ્હેલાં કુર્આનની તિલાવત કરી શકું.**

**શું સ્ત્રીનું પોતાના પતિ સાથે જમાઅતથી નમાઝ પઢવી જાઇઝ છે? અને શું અમને બન્નેને જમાઅતથી નમાઝ પઢવાનો સવાબ મળશે ?**

ઉત્તરઃ

- એકલા નમાઝ પઢવાની સરખામણીમાં જમાઅત સાથે નમાઝ પઢવાનો સવાબ વધારે છે.
- બે લોકો પણ જમાઅત સાથે નમાઝ અદા કરી શકે છે.
- ઘરમાં પણ જમાઅત કરી શકાય છે, અને પત્ની પોતાના પતિની ઈમામતમાં નમાઝ પઢી શકે છે. તેમનો જમાઅતથી નમાઝ પઢવાનો સવાબ મળશે.

પરંતુ, પુરુષો માટે મસ્જિદમાં જઈને જમાઅતથી નમાઝ અદા કરવા પર અલ્લાહના રસૂલ ﷺએ ભાર મૂક્યો છે.

નબી ﷺએ ફરમાવ્યું : "જે લોકો મસ્જિદમાં જઈને નમાઝ નથી પઢતા, દિલ ચાહે છે કે તેમના ઘરોને આગ લગાવી દઉં." (બુખારી : ૬૪૪, મુસ્લિમ : ૬૫૧)

આથી તમારી સુસ્તીના લીધે તમારા પતિ મસ્જિદ નથી જઈ શકતા, તો આની જવાબદારી તમારા પર હશે.

પ્રશ્ન પૂછનારી સ્ત્રીનો ઉત્તર : બહુ આભાર. ઈન્શાઅલ્લાહ ! હવે હું તમામ નમાઝો, ખાસ કરીને ફજ્રની નમાઝ સમય પર ઘરમાં અદા કરીશ અને મારા પતિને મસ્જિદમાં જઈને જમાઅત સાથે નમાઝ અદા કરવા માટે પ્રોત્સાહિત કરીશ, ઈન્શાઅલ્લાહ.



# આત્મ-નિરીક્ષણ

ઇસ્લામી મુઆશરા

● હાફિઝ મુ. ઈબ્રાહીમ ઉમ્રી

આ દુનિયા આખિરતની તૈયારી માટેના વિરામ સમાન છે. કયામતના દિવસે દરેક માનવીએ પોતાના જીવનનો પૂરે-પૂરો હિસાબ આપવો પડશે. અલ્લાહતઆલા પૂરા ન્યાય સાથે હિસાબ લેશે. કોઈના પર પણ રજમાત્ર પણ જુલમ નહીં થાય. ફરમાવ્યું : કયામતના દિવસે અમે સાચે સાચું વજન કરનાર ત્રાજવા મૂકી દઈશું. પછી કોઈ વ્યક્તિ પર રજ બરાબર પણ અત્યાચાર નહીં થાય. જે કોઈનું રાઈના દાણા બરાબર પણ કંઈ કર્યું-કરાવ્યું હશે તેને અમે સામે લઈ આવીશું અને હિસાબ કરવા માટે અમે પૂરતા છીએ.” (સૂરઃ અંબિયા, આયત-૪૭)

માનવીના તમામ આ’માલ (કર્મો) એક પુસ્તકમાં સુરક્ષિત કરવામાં આવી રહ્યા છે, જેમને “નામએ-આ’માલ” (કર્મનોંધ) કહેવાય છે. કયામતના દિવસે દરેક માનવીને તેનું “આ’માલનામું” આપવામાં આવશે અને કહેવામાં આવશે : વાંચ પોતાની કર્મનોંધ, આજે પોતાનો હિસાબ કરવા માટે તું પોતે જ પૂરતો છે.” (સૂરઃ બની ઈસરાઈલ, આયત-૧૪)

જેની કર્મનોંધ તેના જમણા હાથમાં આપવામાં આવશે તેનો હિસાબ સરળ હશે. ફરમાવવામાં આવ્યું : પછી જેની કર્મનોંધ તેના સીધા (જમણા) હાથમાં આપી દેવામાં આવી તેના પાસેથી હળવો હિસાબ લેવામાં આવશે.” (સૂરઃ ઇન્શિકાક, આયતો-૭, ૮)

અને જેની કર્મનોંધ તેના ડાબા હાથમાં આપવામાં આવશે તો અફસોસ કરતાં કહેશે : “અને જેની કર્મનોંધ તેના ડાબા હાથમાં આપવામાં આવશે તે કહેશે, “કદાચ, મારી કર્મનોંધ મને આપવામાં આવી ન હોત.”(સૂરઃ હાક્કા, આયત-૨૫)

દરેક માણસે કયામતના હિસાબથી પહેલાં આ દુનિયામાં પોતાનો હિસાબ-કિતાબ કરતાં રહેવું જોઈએ, અને નિરીક્ષણ કરતો રહે અલ્લાહતઆલાનો ઈર્શાદ છે : “હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! અલ્લાહથી ડરો, અને દરેક વ્યક્તિ એ જુએ કે તેણે કાલ માટે શું સામાન તૈયાર કર્યો છે. અલ્લાહથી ડરતા રહો, અલ્લાહને ચોક્કસપણે તમારા તે તમામ કર્મોની ખબર છે જે તમે કરો છો.” (સૂરઃ હશ્ર, આયત-૧૮)

હિસાબ-કિતાબ અને નિરીક્ષણ કોઈ પણ કાર્યની સફળતા માટે જરૂરી છે. વિકસિત લોકો અને કોમો હંમેશાં પોતાનો હિસાબ-કિતાબ કરતા રહે છે. એક વેપારી ત્યાં સુધી સફળ વેપારી નથી બની શકતો કે જ્યાં સુધી તે પોતાના રોજના વેપારનું નિરીક્ષણ ન કરી લે. સફળ વેપારી ફાયદાના કારણો પર સતત વિચાર કરતો રહે છે અને તેમને વધુ વિકાસ આપવા માટે ચિંતિત રહે છે. નુકસાન પહોંચાડનારા કારણોનું નિરીક્ષણ કરતો રહે છે અને તેમનાથી બચવાનો પ્રયાસ કરે છે. આ જ સ્થિતિ એક સફળ વિદ્યાર્થી અને દરેક મનુષ્યની છે.

**હિસાબ (નિરીક્ષણ)નું મહત્ત્વ :** આખિરતની સફળતા માટે પણ જરૂરી છે કે વારંવાર પોતાનું નિરીક્ષણ કરવામાં આવતું રહે. હઝરત ઉમર બિન ખત્તાબ રદિ. ફરમાવે છે :

પોતાનો હિસાબ-કિતાબ કરો, એ પહેલાં કે (અલ્લાહની અદાલતમા) તમારો હિસાબ-કિતાબ કરવામાં આવે. પોતાના આ’માલ (કર્મો)નું વજન કરી લો, એ પહેલાં કે તમારા આ’માલ-કર્મોનું (કયામતના દિવસે ત્રાજવામાં) વજન કરવા (તોળવા)માં આવે. અંતિમ હાજરી (સુનાવણી) માટે તૈયાર થઈ જાવ. પછી આ આયતની તિલાવત ફરમાવી : જે દિવસે તમને રજૂ કરવામાં આવશે, તમારી કોઈ વસ્તુ છૂપી નહીં હોય.” (અગાસતુલ લિહફાનુલ ઇબ્નુલ કૈય્યિમ : ૯૫)

હઝરત મૈમૂન બિન મહરાન ફરમાવે છે : “કોઈ પણ માણસ એ સમય સુધી ‘મુત્તકી’ (સંયમી) નથી બની શકતો કે એ પોતાના ‘નફ્સ’નો એવો જ હિસાબ-કિતાબ કરે કે જેવી રીતે એક વેપારી પોતાના ભાગીદાર અને પાર્ટનર કરે છે.” (ઉપર મુજબ)

ફુઝૈલ બિન અયાઝ રહ. ફરમાવે છે : “જે પોતાના નફ્સનો હિસાબ-કિતાબ (આત્મ-નિરીક્ષણ) કરે તેનો હિસાબ-કિતાબ (આત્મ-નિરીક્ષણ) કરતા પહેલાં તો કયામતના દિવસે તેનો હિસાબ સરળ હશે.” (ઉપર મુજબ)

(અનુસંધાન 5મા પાને)

સોનેરી વાક્યો સોનેરી વાક્યો

## સોનેરી કથન

### હઝરત ઈમામ જા’ફર સાદિક રહ.

*(ઈ.સ. ૬૯૯ થી ઈ.સ. ૭૬૫)*

*(ઈમામ બાકરના પુત્ર અને ઈસ્ના અશ્અરી ફિર્કાના ૬ઠ્ઠા ઈમામ, હદીસ અને ફિકહના આલિમ. પૂરૂં નામ અબૂ અબ્દુલ્લાહ જા’ફર સાદિક રહ. છે.)*

- પાંચ લોકોની સોબતથી હંમેશ બચો :

(૧) જુઠ્ઠાથી જે તમને હંમેશાં ધોખામાં રાખશે.
(૨) મૂર્ખથી, જો કે તે તમને ફાયદો પહોંચાડવા ચાહશે પરંતુ પોતાની મૂર્ખતાથી નુકસાન પહોંચાડી દેશે.
(૩) કંજૂસથી, જે પોતાના સાધારણ ફાયદા માટે તમારૂં મોટું નુકસાન કરી દેશે.
(૪) બુઝદિલ, જે મુશ્કેલ સમયમાં તમને છોડી જશે.
(૫) બદ-અમલ, જે એક કોળિયાના બદલે તમને વેચી નાખશે.

- જે પોતાની જીભને કાબૂમાં નથી રાખતો એ પસતાય છે.
- તૌબા કરવી સરળ છે, પરંતુ ગુનાહ છોડવા મુશ્કેલ.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

‘ઈલાહી ! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઈલાહી ! મુઝે ગુનાહોં સે ઈતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.’ (તિબરાની)

M : 9898062816
Video Call - M : 9428419044
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound,
S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાડીવાડ, હેબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

SHOEZONE
શુ ઝોન
ALL TYPE OF GENTS AND LADIES FOOTWEAR
EXCLUSIVE RANG OF FOOTWEAR
HUNER NAGORI : 9624982155
6739, Agarwal House, Opp, Z.K. Hotel, Relief Road, Ahmedabad-01.

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૯૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પલેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

## આત્મ-નિરીક્ષણ
(ચોથા પાનાનું ચાલુ)

ઈમામ ગઝાલી રહ. ફરમાવે છે: બંદો એ સમય સુધી ભલાઈમાં રહેશે કે જ્યાં સુધી તેના 'નફ્સ'માં એક ઉપદેશક હોય (જે તેને બૂરાઈથી રોકતો રહે) અને હિસાબ-કિતાબ અને નિરીક્ષણ તેના ઈરાદા અને આયોજનમાં સામેલ હોય." (મુહાસિબતુલ નફ્સુલ ઈબ્ને અબિદ્દુનિયા : ૩૪)

**અસ્લાફે-કિરામ રહ. અને હિસાબ-કિતાબ:**

હિસાબ-કિતાબ હંમેશાં થતો રહેવો જોઈએ. દીની બાબતોમાં હિસાબ-કિતાબ દીનદારીની નિશાની છે. માનનીય સહાબાએ કિરામ રદિ. હંમેશ પોતાનું આત્મ-નિરીક્ષણ કરતા રહેતા હતા.

એક વખત હઝરત અબૂ બક્ર રદિ. એક અન્સારી (સહાબી)ના બગીચામાં દાખલ થયા. પક્ષીને એક ઝાડથી બીજા ઝાડ પર ઊડતાં ને કલરવ કરતા જોયો તો ફરમાવ્યું : હે પક્ષી ! તું કેટલો ખુશનસીબ છે. જે ઈચ્છે તે ખાય-પીવે છે અને કોઈ હિસાબ-કિતાબ પણ નહીં. કાશ ! હું કોઈ ઈમાનવાળા બંદાના શરીરનો વાળ હોત (કે જેથી હિસાબ કિતાબથી બચી જાત)."

હઝરત અનસ રદિ. ફરમાવે છે : એક વખત તેમણે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર રદિ.ને જોયા જે પોતાના 'નફ્સ' (મનેચ્છા)ને સંબોધીને આ વાક્ય વારંવાર દોહરાવી રહ્યા હતા :

"અલ્લાહથી ડરો, નહિંતર એ તારો હિસાબ-કિતાબ કરશે." (ઉપર મુજબ : ૩૫)

હઝરત આઈશા રદિ.થી કોઈએ સૂરઃ ફાતિરની એક આયત વિષે પૂછ્યું. એ અંગે ફરમાવ્યું કે ભલાઈના કાર્યોમાં આગળ વધી જનારા લોકોથી અભિપ્રેત એ લોકો છે કે જેઓ અલ્લાહના રસૂલﷺના જમાનામાં થઈ ગયા છે, જેમને અલ્લાહના રસૂલ ﷺએ જન્નતની ખુશ-ખબર આપી. મધ્યમ માર્ગ અપનાવનારા લોકોથી અભિપ્રેત એ લોકો છે કે જેઓ સહાબા રદિ.ના પદ્ચિહ્નો પર ચાલીને તેમને જઈ મળ્યા, અને પોતાના 'નફ્સ' પર જુલ્મ કરનારાઓથી અભિપ્રેત મારા અને તમારા જેવા લોકો છે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ. વિષે આવે છે કે જ્યારે કોઈ નમાઝની જમાઅત છૂટી જતી તો, આપ રદિ. તેના પ્રાયશ્ચિતરૂપે આખી રાત તહજ્જુદમાં વિતાવી દેતા.

હઝરત હંઝલા રહ. એક દિવસ પરેશાનીની સ્થિતિમાં ઘરેથી નીકળ્યા. રસ્તામાં હઝરત અબૂ બક્ર રદિ.થી મુલાકાત થઈ. હઝરત અબૂ બક્ર રદિ.એ ખૈરિયત પૂછી તો કહેવા લાગ્યા : "હંઝલા મુનાફિક (દંભી) થઈ ગયો." અબૂ બક્ર રદિ.એ કહ્યું : આ શું કહી રહ્યા છો ? તેમણે કહ્યું : જ્યારે હું રસૂલે અકરમ ﷺની 'મજલિસ' (સભા, બેઠક)માં હોઉં છું, અને આપ ﷺની વાતોને સાંભળું છું તો મારા ઈમાનની વિચિત્ર કૈફિયત હોય છે, પરંતુ જ્યારે હું પોતાના ઘરે પાછો ફરૂં છું, અને પત્ની બાળકોમાં અને કારોબારમાં લાગી જાઉં છું તો એ ઈમાની કૈફિયતમાં ઘટાડો થઈ જાય છે, અને આખિરત પ્રત્યે ગફલતનો ભોગ બની જાઉં છું. આ જે બેવડી કૈફિયત છે, તેના લીધે એવું લાગે છે કે હું મુનાફિક (દંભી) થઈ ગયો છે. અબૂ બક્ર રદિ.એ કહ્યું કે મારી પણ આ જ સ્થિતિ છે. બન્ને મળીને રસૂલુલ્લાહ ﷺની સેવામાં પહોંચ્યા અને પોતાની સ્થિતિ સંભળાવી. આપ ﷺએ ફરમાવ્યું : "એ હસ્તીના સોગંદ જેના હાથમાં મારા પ્રાણ છે ! જો તમારી સ્થિતિ (કૈફિયત) હંમેશાં એ જ રહે છે જે મારી પાસે મૌજૂદ રહેવાના સમયે હોય છે, અને હંમેશાં 'ઝિક્ર' (સ્મરણ)માં મશ્ગૂલ રહો તો ફરિશ્તાઓ માર્ગોમાં અને પથારીઓમાં તમારાથી મુલાકાત કરવામાં લાગી જાય, પરંતુ હંઝલા (રદિ.) ! આ કૈફિયત હંમેશ નથી રહી શકતી." (મુસ્લિમ)

(વધુ આવતા અંકે)

## મુસ્લિમોને વધતા જતા પડકારોનો સામનો કરવા..
(છઠ્ઠા પાનાનું ચાલુ)

બધા લોકો પ્રત્યે સારૂં વર્તનઃ મૌલાનાએ નબી ની દયા અને ઉત્તમ ચારિત્ર્ય પર ભાર મૂક્યો, નોંધ્યું કે કેવી રીતે પયગંબરે તેમનું અપમાન કરનારાઓને માફ કર્યા અને અન્યના અંગત સંજોગોને સમજવાની કોશિશ કરી. જે વધુ સારૂં છે તેનાથી દુષ્ટતાને દૂર કરો, અને તમે જોશો કે જે તમારો દુશ્મન હતો તે તમારો નજીકનો મિત્ર બનશે.

ઈજ્તિહાદ દ્વારા બૌદ્ધિક અભિગમઃ નવા પડકારોનો સામનો કરવા માટે બૌદ્ધિક અભિગમની જરૂરિયાત તરફ ધ્યાન દોરતાં, મૌલાનાએ પ્રેક્ષકોને ઈજ્તિહાદ માટે પ્રોફેટના પ્રોત્સાહનની યાદ અપાવી. આજે, ભારતમાં મુસ્લિમોનો સામનો કરી રહેલા જટિલ મુદ્દાઓને ઉકેલવા માટે આપણે પણ આ અભિગમ અપનાવવો જોઈએ.

મૌલાના વલીઉલ્લાહ ફલાહીએ મુહમ્મદ ની વ્યૂહાત્મક દૂરંદેશી પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો છે. હિજરત જેવા નિર્ણયોમાં વ્યૂહાત્મક વિલંબ અને હુદૈબિયાની સંધિ જેવા કરારો દ્વારા તેમણે આ વાતની પુષ્ટિ કરી છે. આ બંને ઘટનાઓ ઈસ્લામના લાંબા ગાળાના હિતમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થઈ હતી. મૌલાનાના મતે, નબી એક અનુભવી વ્યૂહરચનાકાર હતા જે પડકારોનો સામનો કરવામાં અસાધારણ ધીરજ, ખંત અને બુદ્ધિનો ઉપયોગ કરતા હતા. તેમનું જીવન આજે પણ પ્રસ્તુત એવી અનેક વ્યૂહાત્મક બાબતોથી ભરપૂર છે.

આગળ વધીને, મૌલાના ફલાહીએ મુસ્લિમ સમુદાય માટે મુહમ્મદ ની સીરતની કાલાતીત પ્રસ્તુતતા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, "ઈસ્લામના દુશ્મનો કુર્આન અને સુન્નતનો અભ્યાસ કરવા બદલ આપણી ટીકા કરી શકે છે, પરંતુ મુસ્લિમો માટે સફળતાનો સાચો માર્ગ રસૂલ ની સીરતમાં જ રહેલો છે. જેમ ચૌદ સદીઓ પહેલાં પયગંબર સફળ થયા હતા, તેમ આજે પણ આપણે તેમના માર્ગદર્શનને અનુસરીએ તો સફળતા મેળવી શકીશું."

અંતમાં, મૌલાના ફલાહીએ દુઆ કરી કે, "અલ્લાહ અમને ભારતમાં જે પડકારોનો સામનો કરવો પડે છે તેનો સામનો કરવાની તાકાત આપે અને અમારા જીવનમાં અલ્લાહના દીનને સ્થાપિત કરવા માટે પયગંબરની સીરતનો ઉપયોગ કરવામાં અમને માર્ગદર્શન આપે. આમીન."

## હદીસ
(ત્રીજા પાનાનું ચાલુ)

કાશ ! તેઓ સમજી શકતા કે કેટલી ખોટી વાત તેમના મુખેથી નીકળી રહી છે. ઈસ્લામ તો વાસ્તમાં પ્રેમનો ધર્મ છે. ઈસ્લામ અને તેના અકીદાઓ તથા દૃષ્ટિકોણ કે વિચારસરણીને સમજવા માટે જરૂરી છે કે માણસ જીવનના તથ્યો (Facts)ને સમજે. ઈસ્લામ જીવનની વાસ્તવિકતાઓથી અલગ કોઈ વસ્તુ નથી આથી જ ઈસ્લામને હિદાયતથી તા'બીર (વ્યાખ્યાયિત) કરવામાં આવ્યો છે. તૌહીદ અને આખિરતના દૃષ્ટિકોણને લો, બંનેના જ જીવનના એ તથ્યોથી ગાઢ સંબંધ છે જેમનાથી ઉપેક્ષા દાખવવી આંધળાપણું અને ગુમરાહી છે. ઈસ્લામ વિરોધી દૃષ્ટિકોણને એટલા માટે જ અપમાન કહેવામાં આવ્યો છે કે તેમનામાં જીવનની વાસ્તવિકતાઓ ઉપેક્ષિત થઈને રહી જાય છે. આખિરતમાં બીજી કોઈ વસ્તુ નથી, જીવનના તથ્યો પ્રકાશિત થશે. જે રીતે તમે કેરીનું ઝાડ વાવો છો અને એક સમય એવો આવે છે કે જ્યારે તમારો વાવેલો ઝાડ ફળ આપવા લાગે છે. ફળ આપતા પહેલાં પણ તેનાથી તમને હરિયાળી અને છાંયડો વિ. પ્રાપ્ત થાય છે. પરંતુ સમય આવતાં આ ઉપરાંત મીઠા-મધુર ફળો પણ આપવા લાગે છે અને એ ઝાડની અંદર જે શક્યતાઓ મોજૂદ રહેલી છે તે જાહેર થઈ જાય છે. બરાબર એવી જ રીતે આ વર્તમાન જીવનમાં જે શક્યતાઓ જોવા મળે છે તેમનાથી અમે આ દુનિયામાં પણ લાભ ઉઠાવીએ છીએ. પરંતુ એક તબક્કો એવો આવશે કે જીવનની શક્યતાઓ પૂરી રીતે જાહેર થશે અને માણસ ક્યારેય સમાપ્ત ન થનારી નેઅ્મતોથી લાભાન્વિત થશે. ટૂંકમાં આખિરત કોઈ એવી વસ્તુ નથી જે આ સૃષ્ટિ અને વર્તમાન જીવનથી મેળ ન ખાતી હોય બલ્કે વાસ્તવિકતા આ છે કે આખિરત વર્તમાન જીવનની શક્યતાઓની જ પૂરી અભિવ્યક્તિ છે.


Reg.No. A-7183
Google Reviews 4.8
Top Rated Dental Clinic
Dr. Saba Baloch B.D.S. (Dental Surgeon)
Dr. Saba Dental Clinic
Multi Speciality Family Dental Care
:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring | Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge | Prosthesis Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration
:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair
Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm
Available on Emergency Trauma Cases +91 99983 60503
Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com

Empire BAKE FOOD
ફર્ઝ નમાઝોંકે બાદ સબસે અફઝલ નમાઝ રાત કી નમાઝ હૈ. (મુસ્લિમ)


MAKE YOUR BREAKFAST MORE CRUNCHY & TASTY WITH WIDE RANGE OF BAKERY PRODUCTS!
RUSK | KHARI | MUFFINS | COOKIES | CAKES | CREAM ROLLS
4, Highway Commercial Centre, Danilimda, Ahmedabad-380028 (Gujarat) INDIA.
Customer Care No. +91 98250 37718 | www.empirebakery.in
Follow us on :

આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)


ટ્રેડમાર્ક ધરાવતી સરકાર માન્ય એકમાત્ર સંસ્થા
ડૉ. યાસીન સૈયદ (M.B.B.S.) | ડૉ. તૌફીક સૈયદ (B.H.M.S.)
ખત્ના તથા સર્વરોગ નિદાન કેન્દ્ર ચામડીના રોગોના અનુભવી
અમારી શાખાઓ :
(૧) જુહાપુરા શાહીન કોમ્પ્લેક્ષ મોડલ સ્કૂલની બાજુમાં, જુહાપુરા, સરખેજ રોડ અમદાવાદ.
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) પથ્થરવાલી મસ્જિદ પાસે, શાહપુર અડ્ડા, અમદાવાદ. સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ - સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) શમશેરબાગ, પાકવાડા સામે, ગોમતીપુર, અમદાવાદ. સમય : સોમ થી શનિ - સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી | રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
Mo.: 99097 12900 | 93279 24050 | 98251 53388



SHAHEEN WEEKLY
Bank A/c. No. : 163110100013154
Bank/Branch : BOMBAY MERCANTILE CO-OP BANK LTD
IFSC Code : BMCB0000039
Affiliated : AXIS BANK LTD.
NEFT



સમીર સાબુવાલા ૯૮૨૪૫ ૪૭૯૯૮
પ્રો. યૂનુસભાઈ સાબુવાલા
ફિરદોસ
રંગીન તથા સફેદ પોપલીન પ્રિન્ટેડ કાપડ મળશે અને ચણીયાના છૂટક તથા જથ્થાબંધ વેપારી
મન્સુરી ઈબ્રાહીમભાઈ સાબુવાલાની કંપની સામે
ઢાલગરવાડ, કાપડ બજાર, અ'બાદ-૩૮૦૦૦૧.

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક સિલાઈકામ માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ, હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ, પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.




**અનવારૂલહક બેગ**

નવી દિલ્હીઃ ભારતમાં વધતી જતી સાંપ્રદાયિક નફરતને કારણે મુસ્લિમો સામે વધી રહેલા સંકટો વચ્ચે, હિજાબ વિવાદ, મોબ લિંચિંગની ઘટનાઓ, મસ્જિદો, મદ્રસાઓ, વકફ, વ્યક્તિગત કાયદા અને મુસ્લિમ ઓળખ પરના ખતરા જેવા મુદ્દાઓ ઊભા થયા છે. જમાઅતે ઈસ્લામી હિંદ (JIH)ના ઉપાધ્યક્ષ મૌલાના વલીઉલ્લાહ સઈદી ફલાહીએ પયગંબર મુહમ્મદ ﷺની સીરતમાંથી પ્રેરણા લઈને મુસ્લિમોને અલ્લાહ સાથેનો નાતો મજબૂત કરવા, એક થવા, બિનમુસ્લિમો સુધી ઈસ્લામના સંદેશાનો અથાગ પ્રચાર કરવા, નૈતિક ચરિત્ર જાળવવા અને 'ઈજ્તિહાદ' દ્વારા બુદ્ધિપૂર્વક નવા પડકારોનો સામનો કરવા આહ્વાન કર્યું છે.

હૈદરાબાદમાં યોજાયેલી જમાઅતે ઈસ્લામી હિંદ (JIH)ના રાષ્ટ્રીય સભ્યોના સંમેલનમાં, જેઆઈએચના ઉપાધ્યક્ષે મહત્ત્વપૂર્ણ લક્ષ્યો હાંસલ કરવામાં વ્યૂહરચનાની નિર્ણાયક ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે તેનું પાયાનું તત્ત્વ ઊંડા પ્રતિબિંબ અને સમજદારીપૂર્વકના આયોજનમાં રહેલું છે. તેમણે નોંધ્યું હતું કે નબીના જીવન નમૂનારૂપ વ્યૂહરચનાઓનું મોડેલ છે. "નબી ના જીવનમાં દરેક નોંધપાત્ર કાર્યમાં ત્રણ મુખ્ય તત્ત્વો સામેલ છે : કાળજીપૂર્ણ આયોજન, સંસાધનોની જોગવાઈ અને શ્રેષ્ઠ વ્યક્તિઓની પસંદગી. પરિણામે, પરિણામ હંમેશાં સો ટકા, પાંચસો ટકા અથવા તો હજાર ટકા સફળ રહ્યું છે."

મૌલાના ફલાહીએ જણાવ્યું હતું કે : "જમાઅતે ઈસ્લામી હિંદ એકતાનું પ્રતીક બનીને ઊભી છે. તેનો અભિગમ પયગંબર મુહમ્મદની સુન્નતને અનુસરે છે. અલ્લાહની કૃપાથી આ સંગઠન વિવિધ વિચારધારાઓને એક વિઝન હેઠળ જોડી રહી છે. અમારા આદરણીય પ્રમુખ સૈયદ સઆદતુલ્લાહ હુસૈની હનફી મસ્લકને અનુસરે છે, સેક્રેટરી જનરલ ટી આરિફ અલી શાફઈ મસ્લકને અનુસરે છે, અને હું, વલીઉલ્લાહ સઈદી, ઉપપ્રમુખ તરીકે અહલે હદીસ મસ્લકનું પ્રતિનિધિત્વ કરૂં છું. આ વિવિધતા જમાઅતે ઈસ્લામીની શક્તિ છે અને તેને સામૂહિક ધ્યેય તરફ આગળ વધારે છે. ઈન્શાઅલ્લાહ, આ એકીકૃત વ્યૂહરચના ભારતમાં ક્રાંતિનું કારણ બનશે અને પરસ્પર સમજૂતી અને એકતા દ્વારા અલ્લાહના દીનનો પ્રસાર કરશે."

મૌલાના સઈદીએ આગળ જણાવ્યું હતું કે, "અલ્હમદુલિલ્લાહ, જમાઅતે ઈસ્લામી હિંદ એકતાનું પ્રતીક છે. પરંતુ આપણે આપણી ઉમ્મતના થતા જઈ રહેલા વિભાજન પર ગંભીરતાથી વિચારવું જોઈએ. આપણે સાંપ્રદાયિકતાના કારણે હનફી, માલિકી, શાફઈ, સુન્ની, શિયા અને અન્ય જેવા વિવિધ મસલકોમાં વહેંચાઈ ગયા છીએ. અલ્લાહતઆલા આપણને એક થવાનો આદેશ આપે છે. આપણો અલ્લાહ એક છે, આપણો નબી એક છે અને આપણું તૌહીદનું કેન્દ્ર પણ એક છે. આપણે અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી રાખવી જોઈએ અને એક થવું જોઈએ, કારણ કે અલ્લાહની મદદ એક થયેલી ઉમ્મતને મળે છે. આપણે વૈશ્વિક ઉમ્મત છીએ, કોઈ એક વિસ્તાર પૂરતી મર્યાદિત નથી. જે કોઈ 'લા ઈલાહા ઈલ્લલ્લાહ, મુહમ્મદુર્રસૂલુલ્લાહ' કહે છે, તો તે આપણો ભાઈ છે. આ સાર્વત્રિક ઉમ્મતનો દૃષ્ટિકોણ પયગંબરએ વર્ણવ્યો હતો, જ્યાં મુસ્લિમોની સ્થિતિ એક શરીર જેવી છે. જો શરીરનું કોઈ એક અંગ પીડાય છે, તો આખું શરીર પીડા અનુભવે છે."

મૌલાના ફલાહીએ મુસ્લિમ સમાજને મુહમ્મદની સીરત તરફ વળવા આહ્વાન કર્યું છે. ભારતમાં મુસ્લિમો સામે વધી રહેલા અત્યાચાર અને ભેદભાવના સંદર્ભમાં તેમણે આ આહ્વાન કર્યું છે. વધતી જતી સાંપ્રદાયિકતા, ધાર્મિક વિભાજન અને મુસ્લિમો પ્રત્યેની દુશ્મનાવટ જેવા પ્રશ્નો પર તેમણે ચિંતા વ્યક્ત કરી છે. ખાસ કરીને, પર્સનલ લૉ, હિજાબ વિવાદ અને મુસ્લિમ મહિલાઓના અધિકારો જેવા મુદ્દાઓ પર મુસ્લિમ સમાજને અન્યાયનો સામનો કરવો પડી રહ્યો છે.

મૌલાના ફલાહીએ ગંભીરતાથી નોંધ્યું છે કે "મુસ્લિમો પ્રત્યેની દુશ્મનાવટ એવા તબક્કે પહોંચી ગઈ છે જ્યાં મોબ લિંચિંગ વારંવાર બની રહ્યું છે." તેમણે દેશની વર્તમાન સ્થિતિની તુલના મુહમ્મદના જમાના પહેલાના આરબમાં મુસ્લિમો પર થતા અત્યાચાર સાથે કરી છે. તેમણે કહ્યું કે "આ રાષ્ટ્ર, જે એક સમયે વિવિધ સમુદાયો વચ્ચે તેના ભાઈચારા અને પરસ્પર આદર માટે જાણીતું હતું, તે હવે ઊંડા વિભાજનથી પીડાઈ રહ્યું છે."

આ પરિસ્થિતિમાં, મૌલાના ફલાહીએ મુસ્લિમ સમાજને મુહમ્મદ ના જીવન અને શિક્ષણથી પ્રેરણા લેવા આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું કે, "આપણે માર્ગદર્શન માટે વ્હાલા નબી ની સીરત તરફ જોવું જોઈએ."

મૌલાના ફલાહીએ સીરતે રસૂલ માંથી પાંચ મહત્ત્વના પાઠો કાઢ્યા છે, જે મુસ્લિમોએ ભારત જેવા દેશમાં વર્તમાન પડકારોનો સામનો કરવા માટે અપનાવવા જોઈએઃ

**અલ્લાહ સાથેનું નિશ્ચિત બંધનઃ** મુશ્કેલ સમયમાં, નબી અને તેમના સાથીઓએ અલ્લાહ સાથેનો તેમનો સંબંધ વધુ મજબૂત બનાવ્યો હતો. આપણે પણ આજે એ જ કરવું જોઈએ – અલ્લાહ સાથેના આપણા સંબંધને મજબૂત કરવો અને તેના શાણપણ અને શક્તિમાં વિશ્વાસ રાખવો. અલ્લાહ આપણો રક્ષક છે અને તેની કૃપા હંમેશાં આપણા દુશ્મનોની યોજનાઓ પર વિજયી થશે.

**મુસ્લિમો વચ્ચે એકતાઃ** વ્હાલા નબી મુહમ્મદ ના જીવનથી પ્રેરણા લઈને, મૌલાનાએ મુસ્લિમ સમાજમાં એકતાના મહત્ત્વ પર ભાર મૂક્યો. નબીએ તેમના સાથીઓને એક બેનર હેઠળ એક કર્યા હતા. અલ્લાહ આપણને આદેશ આપે છે કે આપણે બધા મળીને અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી રાખીએ અને વિભાજિત ન થઈએ. જો આપણે એક થઈએ તો અલ્લાહની મદદ આપણી સાથે રહેશે.

**નિરંતર દઅવત (ઈસ્લામનો સંદેશ ફેલાવવો):** તીવ્ર વિરોધ હોવા છતાં, નબી એ ક્યારેય ઈસ્લામ ફેલાવવાનો પ્રયાસ બંધ કર્યો ન હતો. આજે, આપણે પણ આપણું દઅ્વતનું કાર્ય ચાલુ રાખવું જોઈએ, ખોટી માન્યતાઓને દૂર કરવી અને ઈસ્લામનો સંદેશ શાણપણ સાથે પહોંચાડવો જોઈએ.

(અનુસંધાન 5મા પાને)

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર :૧૯૮

પ્ર.૧ મક્કા-વિજય બાદ જ્યારે હુઝૂર સ.અ.વ. પ્રથમ વખત પ્રવેશ્યા ત્યારે આપ સ.અ.વ.ની સાથે કોણ કોણ હતા ?

પ્ર.૨ હઝરત ઉમર ફારૂક રદિ.ના અંતિમ દિવસોમાં જ્યારે નવા ખલીફાની નિયુક્તિ (નામાંકન) માટે એક માણસે આપના પુત્ર હઝરત અબ્દુલ્લાહ રદિ.નું નામ લીધું (સૂચવ્યું) તો આપ રદિ.એ શું ફરમાવ્યું હતું ?

પ્ર.૩ સૌ પ્રથમ મુર્તદ બનનારનું નામ જણાવો.

ક્વિઝ નં.૧૯૮ના જવાબો

ઉ.૧ હઝરત ઉસામા બિન ઝૈદ રદિ. અને હઝરત બિલાલ રદિ. બિન રબાહ.

ઉ.૨ આપ રદિ.એ ફરમાવ્યું : અલ્લાહ તમને ગારત (બરબાદ, નષ્ટ) કરે. અલ્લાહના સોગંદ ! અલ્લાહ સમક્ષ મેં ક્યારેય આ પ્રકારની આરઝૂ નથી કરી.

ઉ.૩ ઉબૈદ બિન હજશ. (હબશામાં હિજરત કરી ગયા બાદ ખ્રિસ્તી બની ગયો હતો.

**એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.**

AFFIL™ AMERICAN excel
ટ્રોલી, સૂટકેશ બનાવનાર અને વેચનાર
હજ્જ અને ઉમરાહ માટે સ્પેશ્યલ બેગ મળશે.
સૈફ લગેજ મો : ૯૮૨૫૧૮૯૯૧૧
સલોની ફ્લેટ સામે, ગન હાઉસ પાસે, સૈયદવાડા, ખાનપુર, અ'બાદ-૦૧ ● ઓફિસ : ૦૭૯-૨૫૫૧૦૯૯૮

મુસ્લિમ સમાજ કે લિયે
રેસિડેંશિયલ
Irfan Pathan : 9898210311
NA, NOC TITLE CLEAR | ફુલ પેમેન્ટમાં ડિસ્કાઉન્ટની સુવિધા | ફુલ પેમેંટ, તુરંત દસ્તાવેજ
133 વાર કારપેટ 70,000/- ડાઉન પેમેંટ 6,600/- કે 36 EMI
66.83 વાર કારપેટ 35,000/- ડાઉન પેમેંટ 3,300/- કે 36 EMI
સુવિધાઓઃ • 40 ફુટ સોસાયટી રોડ • દીવાર (સોસાયટી કા) • બિજલી ઔર
ઓફિસ : મેમનગર, અહમદાબાદ | એકતા ૩, સમી તાલુકા, જિલ્લા પાટણ, ગુજરાત

જેણે પોતાના મનને સાફ કર્યું એ સફળ થઈ ગયો. અને ન કર્યું એ નિષ્ફળ થયો. (સૂરઃઅશ્ શમ્સ આયત ૯-૧૦)
સરકાર માન્ય BIS Approved હોલમાર્ક જ્વેલર્સ




અલ-મદની જ્વેલર્સ (માણેકચોકવાળા)
સોના-ચાંદીના દાગીનાનો અદ્યતન શો-રૂમ
એ-૨૮, રોયલ નવાબ એવન્યુ, મોતી બેકરી પાસે, જુહાપુરા-સરખેજ રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯ - ૨૯૮૨૩૧૨૩ મોબાઈલ : ૮૮૬૬૦ ૫૦૧૨૩



# હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ રદિ.

રદિયલ્લાહુ તઆલા અન્હુ

રોશનીના મીનાર

● ડો. અબ્દુર્રહમાન રફત પાશા

હઝરત અબૂ ઉબૈદા રદિ. પ્રથમથી અંત સુધી તમામ યુદ્ધોમાં હઝરત મુહમ્મદ ﷺ સાથે રહ્યા. જ્યારે સકીફા બની સાયદાની ઘટના બની ત્યારે (જ્યારે હઝરત અબૂ બક્ર સિદ્દીક રદિ.ની ખિલાફત માટે બૈઅત લેવામાં આવી હતી) ત્યારે હઝરત ઉમર બિન ખત્તાબ રદિ.એ હઝરત અબૂ ઉબૈદા રદિ.ને કહ્યું કે તમે તમારો હાથ આગળ કરો, હું તમારી પાસે બૈઅત લઉં, કારણ કે મેં રસૂલુલ્લાહ ﷺને એમ કહેતા સાંભળ્યા છે કે દરેક ઉમ્મતનો એક અમીન હોય છે અને આપણી ઉમ્મતનો અમીન તમે છો. તો તેમણે જવાબ આપ્યો કે "હું કેવી રીતે એવા વ્યક્તિથી આગળ વધી શકું કે જેને રસૂલુલ્લાહ ﷺએ આપણા મુસ્લિમોનો ઈમામ બનાવ્યો હતો અને જે આપની વફાત સુધી આપણી ઈમામત કરતા રહ્યા હતા. અને ત્યારબાદ જ્યારે હઝરત અબૂ બક્ર રદિ.ની ખિલાફત માટે બૈઅત લેવામાં આવી ત્યારે હઝરત અબૂ ઉબૈદા રદિ. હક અને સત્યના મામલામાં તેમના શ્રેષ્ઠ શુભચિંતક અને લોકકલ્યાણમાં તેમના વિશ્વાસુ સહાયક સાબિત થયા.

જ્યારે હઝરત અબૂ બક્ર સિદ્દીક રદિ.એ પોતાના પછી હઝરત ઉમર ફારૂક રદિ.ને ખિલાફત સોંપી ત્યારે હઝરત અબૂ ઉબૈદા રદિ.એ પૂરી નિષ્ઠાથી તેમનું પાલન કર્યું. માત્ર એક વખત સિવાય તેમણે ઉમર ફારૂક રદિ.ના આદેશનું ઉલ્લંઘન કર્યું ન હતું. એ કયો પ્રસંગ હતો જ્યારે હઝરત અબૂ ઉબૈદા રદિ.એ ખલીફાના આદેશનું ઉલ્લંઘન કર્યું હતું?"

એવું કહેવાય છે કે જ્યારે તેઓ સીરિયાના પ્રદેશમાં મુજાહિદોના લશ્કરની કમાન સંભાળતા હતા અને એક પછી એક વિજયના ઝંડા ગાડતા, સમગ્ર પ્રદેશને જીતી લીધા પછી, એક તરફ પૂર્વમાં ફુરાત નદી અને બીજી તરફ ઉત્તરમાં એશિયાને પોતાના અંકુશમાં લઈ લીધું હતું, ત્યારે સિરિયામાં અચાનક એક ભયાનક અને અસાધારણ પ્લેગ ફાટી નીકળ્યો, જેણે અસંખ્ય લોકોને પોતાના વિશાળ પંજામાં જકડી લીધા અને થોડા સમયમાં જ લાખો લોકો મૃત્યુને ભેટ્યા. હઝરત ઉમર રદિ.ને જ્યારે આ વાતની જાણ થઈ તો તેઓ ખૂબ ચિંતિત થઈ ગયા અને તેમણે અબૂ ઉબૈદા રદિ.ની પાસે આ સંદેશ સાથે એક કાફિલો મોકલ્યો કે અચાનક મારી એક જરૂરિયાત ઊભી થઈ છે, જેમાં મારા માટે તમારી સલાહ લેવી અનિવાર્ય છે. હું તમને કસમ આપું છું કે જો મારો પત્ર તમારા પાસે રાત્રે પહોંચે તો સવારનો વિલંબ કર્યા વિના પ્રયાણ કરી જાઓ અને જો દિવસે મળે તો સાંજ થતાં પહેલાં સફરની તૈયારી કરી લો. હઝરત અબૂ ઉબૈદા રદિ.ને જ્યારે હઝરત ઉમર રદિ.નો આ પત્ર મળ્યો તો તેમણે કહ્યું:

"મને ખબર છે કે અમીરુલમુમિનીનને મારી પાસેથી શું જોઈએ છે.તે એક એવી વ્યક્તિને બચાવવા માગે છે જે બચી શકે તેમ નથી. પછી તેમણે જવાબમાં લખ્યું: "અમીરુલમુમિનીન! મને સમજાયું કે તમને મારી પાસેથી શું જોઈએ છે. હું મુસ્લિમોના લશ્કરમાં અને મારા દિલમાં એવી કોઈ ઈચ્છા નથી રાખતો કે હું આ બીમારીથી પોતાને બચાવી લઉં જેમાં આ બધા લોકો સપડાયા છે. હું ત્યાં સુધી તેમનાથી અલગ થઈ શકતો નથી જ્યાં સુધી અલ્લાહ તઆલા મારા અને તેમના વિશે નિર્ણય ન લે. તેથી જ્યારે આ પત્ર તમને મળે ત્યારે તમે મને તમારી કસમથી આઝાદ કરી દો અને મને અહીં રહેવાની પરવાનગી આપો."

હઝરત ઉમર રદિ.એ જ્યારે આ પત્ર વાંચ્યું ત્યારે તેઓ રડી પડ્યા અને તેમની આંખોમાંથી અનરાધાર આંસુ વહી નીકળ્યા. હાજર લોકોએ તેમના આ જોરદાર રુદનને જોઈને પૂછ્યું કે શું અબૂ ઉબૈદા રદિ.નું અવસાન થઈ ગયું છે ? તો તેમણે જવાબ આપ્યો કે ના, તેમનું અવસાન નથી થયું, પરંતુ મૃત્યુ તેમનાથી વધારે દૂર નથી. અને હઝરત ઉમર રદિ.નો આ અંદાજો ખોટો ન હતો કારણ કે થોડા દિવસો પછી તેઓ પ્લેગથી બીમાર પડી ગયા અને જ્યારે તેમનું મૃત્યુ નજીક આવ્યું ત્યારે તેમણે પોતાની ફોજને વસિયત કરતાં કહ્યું: "હું તમને એક વાસિયત કરૂં છું, જો તમે તેના પર અમલ કરશો તો હંમેશાં ભલાઈ અને સફળતા પર કાયમ રહેશો. જુઓ! નમાઝ અદા કરો, રમઝાનના રોઝા રાખો, સદ્કા અને ખૈરાત કરો, હજ્જ અને ઉમરા કરો, એકબીજાને હકની નસીહત કરો, પોતાના અમીરો સાથે ખેરખ્વાહી રાખો, તેમની સાથે ખયાનત અને દગાબાજીથી કામ ન લો અને દુનિયા તમને ધોખામાં ન નાખે. કારણ કે જો કોઈ વ્યક્તિને હજારો વર્ષનું લાંબું જીવન મળી જાય તો પણ તેના માટે આનો અંત આવવો અનિવાર્ય છે, જેનાથી હું આ સમયે પસાર થઈ રહ્યો છું. વસ્સલામ અલૈક વરહમતુલ્લાહિ વ બરકાતુહુ."

"પછી તેઓ હઝરત મુઆઝ બિન જબલ રદિ. તરફ વળ્યા અને કહ્યું: હે મુઆઝ, મારા પછી તમે લોકોને નમાઝ અદા કરાવશો." અને થોડા સમય બાદ તેમની રૂહ શરીરમાંથી નીકળી ગઈ. વફાત પછી હઝરત મુઆઝ બિન જબલે તેમને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું:

"લોકો! તમે એક એવી વ્યક્તિના નિધનના દુ:ખમાં છો કે ખુદાની કસમ, મેં આજ સુધી એવી કોઈ વ્યક્તિને જોઈ નથી જે આના કરતાં વધુ નિષ્ઠાવાન, પવિત્ર હૃદયવાળી અને દુન્યવી લાલચથી દૂર રહેતી હોય. મેં ક્યારેય એવી વ્યક્તિને જોઈ નથી જે આના કરતાં વધુ આખિરતના જીવનને પ્રેમ કરતી હોય અને મુસ્લિમ સમાજનું ભલું ઈચ્છતી હોય. તેમના માટે અલ્લાહ પાસે રહેમની દુઆ કરો. અલ્લાહ તમારા પર રહેમ કરે. •••

## અજમેર શરીફની દરગાહ...

(છેલ્લા પાનાનું ચાલુ)

વધુમાં, આ કાયદો હોવા છતાં અદાલતે અરજદાર વિષ્ણુ ગુપ્તાની અરજીને માત્ર સુનાવણી માટે જ નહીં પરંતુ તેના પર બંને પક્ષોને નોટિસ પણ જારી કરી દીધી છે. હિંદુ પક્ષે દાવો કર્યો છે કે દરગાહની જમીન પર ભગવાન શિવનું મંદિર હતું, જેમાં પૂજા અને જળાભિષેક થતું હતું.

બાબરી મસ્જિદ કેસ દરમિયાન, સુપ્રીમ કોર્ટની પાંચ જજોની ખંડપીઠે ન માત્ર આ કાયદાનો હવાલો આપ્યો હતો બલ્કે એ પણ કહ્યું હતું કે આ કાયદાના અસ્તિત્વમાં કોઈ નવો દાવો રજૂ કરી શકાશે નહીં. પરંતુ જ્યારે નીચલી અદાલતે જ્ઞાનવાપી મસ્જિદ પર દાવો સ્વીકારી લીધો ત્યારે મુસ્લિમ પક્ષે સુપ્રીમ કોર્ટમાં જઈને આ કાયદાનો હવાલો આપીને દલીલ કરી કે આ દાવો સ્વીકારવામાં આવવો જોઈએ નહીં. જો કે કોર્ટે નરમ વલણ અપનાવતાં કહ્યું કે સર્વે કરવાથી ૧૯૯૧ના કાયદાનું ઉલ્લંઘન થતું નથી. આનું પરિણામ એ આવ્યું કે હવે મથુરાની શાહી ઈદગાહ, જ્ઞાનવાપી મસ્જિદ, લખનઉની ટીલેવાલી મસ્જિદ, સંભલની જામા મસ્જિદ, જૌનપુરની મસ્જિદ અને હવે અજમેર શરીફની દરગાહ પર દાવા કરવામાં આવ્યા છે. અજમેરની દરગાહ અને હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી માત્ર મુસ્લિમો માટે જ નહીં પરંતુ હિંદુઓ માટે પણ સમાન રીતે આદરણીય અને શ્રદ્ધાને પાત્ર છે. અમને ડર છે કે જો આ સિલસિલાને રોકવામાં નહીં આવે તો તે દેશમાં અશાંતિ અને અરાજકતાનું કારણ બની શકે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોની જવાબદારી છે કે તેઓ પોતે બનાવેલા કાયદા 'પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ ૧૯૯૧'ને કડકપણે લાગુ કરે.

પ્રેસ કોન્ફરન્સને મૌલાના મુહમ્મદ ફઝલ રહીમ મુજદ્દીદ, ડૉ. સૈયદ કાસિમ રસૂલ ઈલ્યાસ અને મૌલાના અબૂ તાલિબ રહમાનીએ સંબોધિત કરી. ડૉ. સૈયદ કાસિમ રસૂલ ઈલયાસે પત્રકારોના પ્રશ્નોના જવાબ આપ્યા. અંતે દરગાહ કમિટી તરફથી મૌલાના સરવર ચિશ્તી સાહેબે આ એકતાના પ્રદર્શન માટે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડનો આભાર માન્યો અને બોર્ડ સાથે મળીને કામ કરવા પર સંમતિ દર્શાવી.

Kasambhai
Mo. 9879618344
Imtiyazbhai
Mo. 9879518544
KAMA™
AUTO CONSULT
Used Car Sales And Purchase
kamaautoconsult.in
KAMA™ AUTO CONSULT
Mahesana Chokdi, Gandhinagar Link Road, Opp. Shahin Park Society, Visnagar-384315

Janab Infotech
Dealing in New & Refurbished Laptop, Computer, IT Solutions - Sales & Service
Jalees Ahmed M.: 9173660786

Gulamnabi (R) 242588
Alimohd. (R) 244815
Phone : (02774) Mill : 242986
MRM
MODASA RICE MILL
RICE, WHEAT MERCHANT AND COMMISSION AGENT
20-23, G.I.D.C., MODASA- 383315, DIST. SABARKANTHA (GUJARAT)

મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૯૯૮૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્કસ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

સાપ્તાહિક શાહીન
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમય: ૧૧ થી ૬ • મો: ૬૩૫૬૧૬૨૭૬૮

૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ
કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદ: ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૮૯૪

# અજમેર શરીફની દરગાહ પરના નિરાધાર દાવાને મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડે નકાર્યો



નવી દિલ્હી: મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના એક પ્રતિનિધિમંડળે અજમેર શરીફની દરગાહને મંદિર હોવાના દાવાને નકારી કાઢ્યો છે. તેમણે કહ્યું કે કોર્ટોએ આ પ્રકારના નિરાધાર અને ખોટા દાવાઓને ગંભીરતાથી લેવા જોઈએ નહીં. ધાર્મિક સ્થળો અંગેના કાયદા, 'પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ ૧૯૯૧' હોવા છતાં, જો કોર્ટો આવા દાવાઓને સ્વીકારતી રહે અને તેના પર સર્વેક્ષણ જેવા આદેશો પાસ કરતી રહે, તો તેનાથી દેશમાં અરાજકતા ફેલાશે એવી ભીતિ છે. આ વિચારો મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના પ્રતિનિધિમંડળે અજમેરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં વ્યક્ત કર્યા હતા.

૧૨ ડિસેમ્બર, ૨૦૨૪, ગુરૂવારના રોજ મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડનું એક પ્રતિનિધિમંડળ, જેનું નેતૃત્વ બોર્ડના મહાસચિવ મૌલાના શાહ મુહમ્મદ ફઝલ રહીમ મજદિદી કરી રહ્યા હતા અને જેમાં ડૉ. સૈયદ કાસિમ રસૂલ ઈલ્યાસ (પ્રવક્તા, મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ), મૌલાના અબૂ તાલિબ રહમાની (સભ્ય, કાર્યકારી મંડળ, બોર્ડ) અને નાઝિમુદ્દીન સાહેબ પ્રમુખ, જમાઅતે ઈસ્લામી હિંદ, રાજસ્થાન સામેલ હતા, તેઓ અજમેર શરીફની દરગાહની મુલાકાતે ગયા હતા અને દરગાહ કમિટી અને સજ્જાદાનશીનો સાથે મુલાકાત કરી હતી. દરગાહ પર દાખલ કરાયેલા કેસ પર દુઃખ વ્યક્ત કર્યું હતું. પ્રતિનિધિમંડળે દરગાહના જવાબદારોને વિશ્વાસ આપ્યો કે બોર્ડ માત્ર નૈતિક રીતે જ નહીં પરંતુ દરેક પ્રકારની કાનૂની, રાજકીય અને સંવિધાનિક લડાઈમાં પણ તેમની સાથે છે.

સમાચાર પત્રકારો સાથેની એક પ્રેસ કોન્ફરન્સમાં બોર્ડે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ઓલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ અજમેરની ઐતિહાસિક દરગાહ પરના નિરાધાર દાવાને સંપૂર્ણપણે નકારે છે. તેને આ વાત પર ગંભીર આશ્ચર્ય અને ચિંતા છે કે, ઐતિહાસિક પુરાવાઓ અને કાનૂની દસ્તાવેજો અને ૧૯૯૧ના પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ હોવા છતાં અજમેરની સ્થાનિક અદાલતે આ દાવાને સ્વીકારીને તેના પર નોટિસ કેમ જારી કરી છે. ઓલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ આ વાત પર ગંભીર રોષ અને ચિંતા વ્યક્ત કરે છે કે, દેશની વિવિધ અદાલતોમાં એક પછી એક મસ્જિદો અને દરગાહો પર દાવાઓની એક નવી શરૂઆત થઈ ગઈ છે. હજુ સંભલની જામા મસ્જિદનો મામલો શાંત થયો ન હતો ત્યાં જ વિશ્વ વિખ્યાત અજમેરની દરગાહ પર શંકર મહાદેવ મંદિર હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ફરિયાદીએ દરગાહ કમિટી, કેન્દ્રીય અલ્પસંખ્યક બાબતોના મંત્રાલય અને કેન્દ્રીય પુરાતત્વ વિભાગને પ્રતિવાદી બનાવ્યા છે. ઉપાસના સ્થળો અંગેનો કાયદો, પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ ૧૯૯૧ હોવા છતાં આ પ્રકારના દાવાઓ કાયદા અને સંવિધાનનું ખુલ્લેઆમ મજાક છે. સંસદમાં આ કાયદો લાવતી વખતે સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે, ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ જે ઉપાસના સ્થળની (મસ્જિદ, મંદિર, ગુરુદ્વારા, બૌદ્ધ વિહાર, ચર્ચ વગેરે) જે સ્થિતિ હતી તે હંમેશાં માટે રહેશે અને તેને પડકારી શકાશે નહીં. વાસ્તવમાં આનો હેતુ બિલકુલ સ્પષ્ટ હતો કે, બાબરી મસ્જિદ પછી હવે કોઈ પણ અન્ય મસ્જિદ અથવા અન્ય ધર્મોના ઉપાસના સ્થળોને નિશાન બનાવવામાં ન આવે. જો કે, આ ખૂબ જ દુ:ખદ અને શરમજનક વાત છે કે, જ્ઞાનવાપી મસ્જિદ, વારાણસી, મથુરાની શાહી ઈદગાહ, ભોજ શાલા મસ્જિદ (મધ્યપ્રદેશ), ટીલેવાલી મસ્જિદ લખનઉ, સંભલની જામા મસ્જિદ અને જૌનપુરની મસ્જિદની સાથે સાથે અજમેરની ઐતિહાસિક દરગાહ પર પણ દાવો કરવામાં આવ્યો છે.

(અનુસંધાન ૭મા પાને)










Printed and Published : ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.